## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

### Day 4

આશાજી, હમે ગુનેહગાર બંદાભી તેરા, તમે છો બક્ષણહારજી:
સરવે જીવ તમારી સેવાયે લાગા, તમે છો નર અવતાર. હરી૦ (૩૮)

આશાજી છ માસ છ દીન પુરા થયા, તબ તમે મહેરજ લાઇજી:
નવ છુગાની પાઘ બનાઈ તે સીર લખીયા નામ ઇલાહી. હરી. (૩૯)

આશાજી, લીલા આકડા અમેજ હોયા અને નીલી એસ બનાઇજી:
તીસમાંહેથી રૂ નીકાલી, તીસકી પાઘ બનાઇ. હરી૦ (૪૦)

આશાજી, ત્રકલી ઉપર સુત્રજ કાંતીયા, અને દીન હુવા રહેમાનજી:
અરજ બંદગી ઉસમાંહે કીધી, સોહી તમે હૃદયમાંહે આણો.
હરી૦ (૪૧)

આશાજી, ઉંચ મુલકથી પીયાણા કીધા, બએઠ રયા ઉસ ઠામજી:
નજર મહેરકી જબ હુઇ, હુઇ સો આપોહી આપ. હરી૦ (૪૨)

આશાજી, સીરબંધ લઇને, જ્યારે આપવા ચાલ્યા, કીયા સો
આપોહી આપજી:
સીરબંધ લઇ જબ કહેકમાંહે પોતા. તબ ભેટીયા દીન રહેમાન.
હરી૦ (૪૩)

આશાજી, છ માસ છ દીન પુરા હુઆ. તબ લોઢાની ભીંત ટલાઇજી;
પીર સદરદીન સામા જઇ ઉભા, હુવા સો સન્મુખ આપ. હરી૦ (૪૪)

## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

## Day 4 (continued)

આશાજી, શ્રી એસ્લામશાહ તખતજ બેઠા, તારે દીન હુઆ રહેમાનજી:
સીરબંધ લઈ ગુરને મુસ્તક દીધા, તારે સીર નાગા કરી નરજી બેઠા
હરી૦ (૪૫)

આશાજી, સીરબંધ લઈને કાઢીયો છેડો અને દીયા તે હાથોહી હાથજી;
છેડો લઈ જ્યારે હાથમાંહી દીધો, તારે અનંતકો હુઓ પરીયાણ.
હરી૦ (૪૬)

આશાજી, તખતે બેઠા સીરબંધ બાંધી, તારે દેવ મલીયા અપારજી:
પીર સદરદીન સામા જઈ બેઠા, બેઠા કરે સુકરાના. હરી૦ (૪૭)

આશાજી નવ જુગાની પાગજ બાંધી, સીરબંધ બાંધીયો સુલતાનજી:
પાંચસો ગજ નવ જુગાજ હુઆ, હુઆ સેં પુરા પરીયાણુ. હરી૦ (૪૮)

આશાજી, ગુર ભરમાજી ઉડી કરી આવીયા, આવ્યા તે ગુર હસન
શાહકે પાસજી.
ધન ધન કરણી ગુરજી તમારી, ધન સો રખીસરે જાણીયો.
હરી૦ (૪૯)

આશાજી, સીરબંધ બાંધી સુજદેમે આયા, તારે દીન હુવા રહેમાનજી:
અણુત કરોડનું ભારજ મોટો, તે હમથી ઉઠાયો નવ જાય.
હરી૦ (૫૦)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)